ગાંધીધામ ખાતેની પ્રેસ કોન્ફરન્સમાં

# જય શાહ અંગે પત્રકારના પ્રશ્નથી અમિત શાહ મુંઝવણમાં મૂકાયા

સૌથી પહેલા તો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ગુજરાતના એક એક શહેરમાં જઈ પત્રકાર પરિષદ કરી પોતાનો પક્ષ મુકવો પડે તેવી સ્થિતિ નિર્માણ થઈ છે, ખરેખર તો પ્રદેશ કક્ષાના નેતાઓએ જે કામ કરવુ જોઈએ તે રાષ્ટ્રીય અધ્યક્ષને કરવું પડે છે પણ હમણાં ગુજરાતના પ્રવાસે આવેલા અમિત શાહની કચ્છના ગાંધીધામ ખાતેની પ્રેસ કોન્ફરન્સમાં દુરદર્શનના પત્રકારે પ્રશ્ન પુછ્યો અને અમિત શાહ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. સામાન્ય રીતે દુરદર્શન સત્તાધારી પક્ષ રાજી રહે તે પ્રકારના જ પ્રશ્ન પુછે છે, એ કેન્દ્ર અથવા રાજય સરકારની તરફેણમાં હોય તેવા જ સમાચાર દર્શાવે છે.ગાંધીધામમાં પત્રકાર પરિષદ કરી રહેલા અમિત શાહને એક નેશલ ટેલીવીઝન ચેનલના મહિલા પત્રકારે પ્રશ્ન પુછવાની શરૂઆત કરી, બે પ્રશ્ન પુછયા ત્યાં અમિત શાહ અકળાઈ ગયા, તેમણે મહિલા પત્રકારના ત્રીજા પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે ટોણો માર્યો કે આ તમારી વ્યકિતગત કોન્ફરન્સ નથી, આમ કહી તેઓ ત્રીજો પ્રશ્ન ટાળી ગયા હતા. આ વખતે ત્યાં હાજર ભાજપ મીડિયા સેલના ડૉ હર્ષદ પટેલ અમિત શાહના હનુમાન બની તેમની મદદે આવ્યા અને તેમણે મહિલા પત્રકારના પ્રશ્નથી બચવા માટે ત્યાં હાજર દુરદર્શનના પત્રકાર તરફ ઈશારો કરી તેમને પુછવા જણાવ્યું હતું.હર્ષદ પટેલ માનતા હતા કે દુરદર્શનનો પત્રકાર તેમની બગડેલી બાજી સુધારી નાખશે, પણ તેના કરતા ઉલ્ટુ જ થયું, દિલ્હીથી આવેલા દુરદર્શનના પત્રકારે અમિત શાહને રાહુલ ગાંધીએ મુકેલા આરોપનો ઉલ્લેખ કરતા પુછયું કે જય શાહની આવક સંબંધે જે પ્રશ્ન ઊભા થયા છે તે મુદ્દે નરેન્દ્ર મોદી કેમ ચુપ છે, તેમણે બોલવુ જોઈએ. આ પ્રશ્ન સાંભળી અમિત શાહ સહિત ત્યાં હાજર ભાજપના તમામ નેતાઓમાં સોપો પડી ગયો હતો, કારણ સવાલ દુરદર્શન તરફથી આવ્યો હતો. કોન્ફરન્સ લાઈવ થઈ રહી હતી, માટે અમિત શાહ જવાબ ટાળી શકે તેમ ન્હોતા.તેમણે જવાબ આપ્યો કે આ મુદ્દે જય શાહ કોર્ટમાં ગયા છે, જો કોંગ્રેસ પાસે કોઈ પુરાવા હોય તો તેમણે પુરાવા સાથે કોર્ટમાં જવું જોઈએ, હમણાં સુધી કોંગ્રેસ ઉપર જે કોઈ આક્ષેપ થયા તે મુદ્દે કોંગ્રેસ કયારેય કોર્ટમાં ગઈ નથી. જો કે વાતનો તો અહિયા અંત આવ્યો, પણ ભાજપના નેતાઓ અંદર અદર ચર્ચા કરતા હતા કે દુરદર્શન આ પ્રકારના પ્રશ્ન પુછવાની હિંમત કરે નહીં, પણ જો દુરદર્શનના રિપોર્ટરે આ પ્રશ્ન પુછયો તો તેને સૂચના હશે તો જ તેણે આ પ્રશ્ન પુછયો હશે, પણ દુરદર્શનને અમિત શાહના પુત્ર જય શાહ અંગે પ્રશ્ન પુછવામાં આવે તેવી સૂચના કોણે આપી હશે. શું ખરેખર નરેન્દ્ર મોદી અમિત શાહથી અંતર વધારવા માટે જયના પ્રશ્નને હવા આપવા માગે છે તેનો ઉત્તર તો સમય જ આપશે.

ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ ઉવાચ

# મારા વિરોધીઓને ઉપર પણ પહોંચાડી દઈશ !!



ગાંધીનગર, તા. ૫

ચુંટણીમાં પડઘમ શરૂ થયા ગયા છે, તેના કારણે દરેક શકિતશાળી નેતા એકબીજાનો હિસાબ કરી નાખવા તત્પર બન્યા છે. ભાજપ પોતાના જુના અનેક ધારાસભ્યોની ટીકીક કાપી નાખવાનું છે તે પણ નક્કી છે, જેના કારણે જુના ધારાસભ્ય પોતાનીતમામ તાકાત કામે લગાડી રહ્યા છે.

વડોદરાના વાઘોડીયા ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવની ટીકીટ કાપી તેમના સ્થાને નવા ચહેરાને ટીકીટ મળવી જોઈએ તેવી માગણી તેમના જ પક્ષ ભાજપમાંથી ઉઠી છે. આ ઘટનાથી મધુ શ્રીવાસ્તવ ખાસ્સા નારાજ થયા, અને તેમણે પહેલા તો પોતાની ટીકીટ કાપનારને વડોદરા છોડાવી દેવાની ધમકી આપી, ત્યાર બાદ એક ખાનગી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં તે નેતાને ઉપર પહોંચાડી દેવા સુધીની ધમકી આપી દીધી છે.

આ ઘટનાને કારણે ભાજપવાળા જ સ્તબ્ધ થઈ ગયા છે. ખાનગી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં મધુએ કહ્યુ હુ મારા વિરોધીએને વિનંતી કરુ છુ કે મારી પાછળની જીંદગી તરફ મને લઈ જશો નહીં, ત્યાર બાદ તેમણે ધમકી આપી કે મારા વિરોધીઓને માત્ર વડોદરા છોડવાની વાત નથી, તેમને ઉપર પણ પહોચાડી દઈશ.

# હાર્દિકના ટેકામાં કડવા પાટીદારો મેદાનમાં આવ્યા



ગાંધીનગર, તા. ૫

ભાજપની ટીકીટ ઉપર ચૂંટણી લડવા માગતા શ્રીમંત પાટીદારોને આગળ કરી હાર્દિક પટેલ પ્રાઈવેટ આંદોલન ચલાવી રહ્યો છે, તેવો આરોપ મુકવામાં આવ્યો હતો, જો કે હાર્દિકના ટેકામાં કડવા પાટીદારોએ મેદાનમાં ઉતરી હાર્દિકનો અને અનામત આંદોલનનો વિરોધ કરી રહેલા નેતાઓને વખોડી કાઢી, આ મુદ્દે લડી લેવાની ચીમકી આપી છે.

બે દિવસ પહેલા અત્યંત શ્રીમંત પાટીદારો દ્વારા એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના નામે એવી જાહેરાત કરવામાં આવી હતી હાર્દિકના આંદોલનનો કોઈ અર્થ નથી તે તેનું પ્રાઈવેટ આંદોલન છે, ભાજપ સરકારે પાટીદારોની તમામ માગણીઓ સ્વીકારી લીધી છે. આ કોન્ફરન્સ બોલાવવા પાછળનો હેતુ પાટીદારોમાં ભાગલા પાડવાનો હતો પણ કડવા પાટીદારોએ તેની હવા કાઢી નાખી છે.

કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટ દ્વારા સોમવારના રોજ એક પ્રેસ કોન્ફરન્સ બોલાવવામાં આવી છે, જેની પ્રેસ નોટમાં જણાવવામાં આવ્યુ કે અનામત આંદોલન અંગે પાટીદાર સંસ્થાઓ દ્વારા જે નિવેદન કરવામાં આવ્યું છે તેને અમે વખોડી નાખી છીએ, હજી સમાજના મોટા વર્ગને શિક્ષણ, આરોગ્ય અને રોજગારીની ખુબ જરૂર છે. અને તેના માટે લડત ચલાવી રહેલા છોકરાઓ પણ સમાજના છે, ત્યારે સમાજે એક અવાજમાં તેમને ટેકો આપવો જોઈએ.

# પાટીદારોને અનામત મુદ્દે કોણ કરશે નિર્ણય ?

ગાંધીનગર, તા. ૫

ગુજરાત કોંગ્રેસને ૭ નવેમ્બર સુધીઅનામત મુદ્દે નિર્ણય કરવા માટેની ડેડલાઈન આપનાર પાટીદાર કન્વીનર હાર્દિક પટેલે આ મુદ્દે વધારો કર્યો છે. હાર્દિક પટેલે કોંગ્રેસ સાથે પાટીદારોને અનામત આપવાની વાતચીત અંગે જણાવ્યુ હતું કે હવે આ અંગે નિર્ણય કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી કરશે.

હાર્દિક પટેલે વધુમાં જણાવ્યુ હતું કે અનામતને લઈને કાયદાકીય રીતે ચર્ચા ચાલી રહી છે. આ માટે જાણીતા વકિલ અને કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલ કાયદાકીય પાસાઓને ચકાસી રહ્યા છે. તેઓ આ અંગે કાયદાકીય બાબતોને સારી રીતે જાણે છે. તેમજ ગુજરાતની જમીનની હકીકતથી પણ સારી રીતે માહિતગાર છે.

પાટીદાર નેતાએ અનામત મુદ્દે કોંગ્રેસના વલણને લઈને હવે નવી તારીખનો ઉલ્લેખ કર્યો છે. તેમણે ઉમેર્યુ છે કે કોંગ્રેસ ૮ નવેમ્બર સુધી અનામત મુદ્દે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી દેશે. જોકે આ પહેલા હાર્દિક પટેલે સ્થિતિ સ્પષ્ટ કરવા માટે ૭ નવેમ્બર સુધીની ડેડલાઈન આપી હતી.

ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અનેં છછછજીના નેતાઓ વચ્ચે બેઠક મળી હતી. આ બેઠકમાં પાસના પાંચ મુદ્દામાંથી ચાર મુદ્દે કોંગ્રેસે સ્પષ્ટતા આપી અને અનામત મુદ્દે સંવિધાનના આધારે એનો ઉકેલ આપવાની તૈયાર દર્શાવી છે. બેઠક બાદ હાર્દિક પટેલનું કોંગ્રેસ પર નરમ વલણ કહ્યું, અમે કોઈ પણ ભોગે ભાજપ સાથે નહીં જઈએ.

# અમે નરેન્દ્ર મોદીને પ્રેમ કરીએ છીએ : વડોદરા

ગાંધીનગર, તા. ૫

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આજે પણ સમાજના એક ચોક્કસ વર્ગના લોકોને પ્રેમ અને લાગણી તો છે, પરંતુ મોદીના મંત્રી મંડળ અને કેટલાક સ્વાર્થી અને ભષ્ટ્રાચારી નેતઓને કારણે ભાજપની છબી ખરડાઈ છે તેનું એક ઉત્તમ ઉદાહરણ આજે જોવા મળ્યું, જ્યાં જાહેર સ્થળ ઉપર સ્થાનિકો દ્વારા પોસ્ટર્સ લગાવવામાં આવ્યાં હતા કે, અમને નરેન્દ્ર મોદીથી પ્રેમ છે, પરંતુ કેટલાક લોકોના કારણે અમને ભાજપથી નફરત પણ છે.

રેસીડેન્સ વિસ્તારમાં ફલાય ઓવર બ્રીજ બનાવવાની કોઈ જરૂર જ નથી, તેવા આક્ષેપો સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યાં છે. જેથી સુસેન સર્કલ તરફથી તરસાલી રોડ ઉપર બનાવવામાં આવતા ફ્લાય ઓવર બ્રીજનો આસપાસની સોસાયટીના રહીશો દ્વારા સખ્ત વિરોધ કરવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે આજે રહીશો દ્વારા રસ્તા ઉપર ઉતરી જઈ "હમને સુની આપકે મન કી બાત ઔર આપને કી દિલ તોડની બાત, ૧ મિનિટ બચાને કે લીયે રૂ. ૩૭ કરોડ કી ફીઝુલ ખર્ચી ક્યું, WE LOVE NARENDRA MODI BUT BECAUSE OF SOME PEOPLE WE HATE BJP" તેવા જુદા જુદા પોસ્ટરો લગાડી પોતાનો વિરોધ દર્શાવ્યો છે.

# પાટીદારોનો રોષ મતદાન મથક સુધી પહોંચ્યો તો સુરતમાં ભાજપ માટે કપરાં ચઢાણ

ગાંધીનગર, તા. ૫

હાલના તબક્કે પાટીદારોનો રોષ ભાજપ સામે લાવાની જેમ ભભૂકી રહ્યો છે. જો આ રોષ મતદાન સુધી પહોંચશે તો ભાજપે કામરેજ, કતારગામ, કરંજ, ઓલપાડ અને વરાછાની બેઠકથી હાથ ધોવાનો વખત આવશે તેવું રાજકીય નિરીક્ષકોનું કહેવું છે.કામરેજ બેઠક પરંપરાગત રીતે કોંગ્રેસની હતી. નવા સીમાંકનમાં સુરત શહેરનો સરથાણા,સીમાડાનો વિસ્તાર આ બેઠકમાં ગયો છે. જ્યાં પાટીદારોની સંખ્યા મોટા પ્રમાણમાં છે. છેલ્લી ચૂંટણીમાં અહીંથી ભાજપના યુવા અને નિષ્ઠાવાન ઉમેદવાર પ્રફુલ્લ પાનસેરિયા વિજેતા થયા હતા. એટલું જ નહીં પણ ગુજરાતના તમામ ધારાસભ્યોમાં આનંદીબહેન પટેલને બાદ કરતા બીજા નંબરે સૌથી વધુ મત મેળવનારા પ્રફુલ્લ પાનસેરિયા સાબિત થયા હતા. હવે સ્થિતિ કીંક અલગ છે. આ બેઠક પર મોદીના દૂત ગણાતા મનસુખ માંડવિયાને લડાવવાની વાત ચાલે છે. મનસુખ માંડવિયા મતદારો માટે બહારના આયાતી ઉમેદવાર ગણાય. વળી, આ વખતે પાટીદારોનો રોષ ચરમસીમા પર પહોંચ્યો છે. આ વિસ્તારમાં ભળેલા સરથાણા-સીમાડા વિસ્તારના મતદારો આ બેઠક પર વિજેતા નક્કી કરવામાં નિર્ણાયક સાબિત થાય છે. જેથી તો પાટીદારોના મત ભાજપની વિરુદ્ધમાં જશે તો કામરેજની બેઠક ભાજપે ગુમાવવાનો સમય આવશે.આવું જ કાંઈક ઓલપાડની બેઠક પર છે. મોટા વરાછા-સાયલણ સહિતનો કેટલોક શહેરી વિસ્તાર ભાજપે નવાસીમાંકન મુજબ આ બેઠકમાં સામેલ કર્યો છે. આ વિસ્તારમાં પાટીદાર મતદારોનું પ્રભુત્વ છે. અહીં પણ આ પાટીદાર મતદારો જ નિર્ણાયકની ભૂમિકા ભજવશે. જો પાટીદારોનો રોષ મતદાન સુધી પહોંચશે તો ભાજપે ઓલપાડની બેઠક પણ ગુમાવવી પડશે.વરાછા, કરંજ અને કતારગામની બેઠક પર તો પાટીદારોનું જ પ્રભુત્વ છે. જેથી અહીં તો ભાજપ માટે કપરાં ચઢાણ છે જ.

# ચૂંટણીના મહાપર્વમાં સત્ય-અસત્યનાં નીરક્ષીરની કવાયત

- વડા પ્રધાન નરેન્દ્ર મોદી પરની મશહૂર નિર્માતા સંજય લીલા ભણશાલીની સંભવિત મૅગા ફિલ્મ !
- "હમેં હક ચાહીએ હક સે" નામક ગુજરાતના પાટીદાર આંદોલન અને હાર્દિક પટેલ પરની ફિલ્મ
- ગુજરાત ટકાવવા અને હિમાચલ છીનવવાના વ્યૂહ : અનામતની ભાજપી રાજ્યોમાં ટકાવારી
- મોદીયુગીન ભાજપ 'કિલર્સ ઈન્સ્ટિંગ'થી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો કબજે કરવામાં માને છે




ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીની તારીખો ચૂંટણી પંચ જાહેરાત કરે એ પહેલાંથી ચૂંટણીજવર ઊભા ગુજરાતને અનુભવાતો હતો. આગામી ૯ અને ૧૪ ડિસેમ્બરે ૪ કરોડ કરતાં વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરીને ગુજરાત વિધાનસભાના ૧૮૨ સભ્યો ચૂંટવાના પર્વમાં સહભાગી થશે. ૧૮ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ ઈલેક્ટ્રોનિક વૉટિંગ મશીન (ઈવીએમ) થકી હાર-જીતનાં નીરક્ષીર થઈ જશે. વર્તમાન ધારાસભ્યની મુદત ૨૨ જાન્યુઆરી ૨૦૧૮ સુધીની હોવા છતાં મહિનો વહેલી ચૂંટણી પ્રક્રિયા પૂરી કરી દઈને જાહેરનામું બહાર પાડી દેવાશે.આ વખતની ચૂંટણી અનેક પ્રકારના અપપ્રચારના મારામાંથી સત્ય તારવવાની અગ્નિપરીક્ષા જેવી છે. પાટીદાર અનામત આંદોલન, ઠાકોર-ક્ષત્રિય ઓબીસી આંદોલન અને દલિત આંદોલનની નેતૃત્વ ત્રિપુટી હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિજ્ઞેશ મેવાણીને હસી કાઢનારાઓ સાડા ત્રણ વર્ષ પછી પણ આંદોલનકારીઓના રાજકીય મહત્ત્વને સ્વીકારતા ના થયા હોત તો તેમને સત્તારૂઢ ભાજપ કે સત્તાકાંક્ષી કૉંગ્રેસ સાથે જોડવાના ઉધામા શમી ગયા હોત. માર્ચ ૧૯૯૫માં કેશુભાઈ પટેલના વડપણ હેઠળ ભાજપ રાજ્યમાં સત્તારૂઢ થયો. એ પછી અસંતુષ્ઠ ભાજપી નેતા શંકરસિંહ વાઘેલાએ ઉધામા શરૂ કરીને ઑક્ટોબર ૧૯૯૫માં જ 'માસ્ટરજી' મુખ્ય પ્રધાન એવા સુરેશ મહેતાને આરૂઢ કરાવ્યા હતા.એકાદ વરસ પણ મહેતાને ગાદીએ રહેવા દીધા વિના શંકરસિંહ સંઘ-જનસંઘ-ભાજપના સંસ્કાર ભૂલીને કૉંગ્રેસના ચરણમાં લોટાંગણ થઈને ૨૩ ઑક્ટોબર ૧૯૯૬એ મુખ્ય પ્રધાન બન્યા. સમર્થક કૉંગ્રેસે વાઘેલાને 'ભ્રષ્ટાચાર શિરોમણિ' જાહેર કરતાં રાજ્યપાલને લાંબુલચક આવેદનપત્ર આપ્યું એટલે દિલીપ પરીખનું ભાગ્ય ખૂલી ગયું. જોકે, ૨૮ ઑક્ટોબર ૧૯૯૭ના રોજ મુખ્ય પ્રધાન બનેલા પરીખને વાઘેલાવ્યૂહે માર્ચ ૧૯૯૮ લગી ઊઠાડી મૂક્યા અને નવી ચૂંટણીને પગલે કેશુભાઈ પટેલના નેતૃત્વમાં ભાજપની સરકાર ફરી સ્થપાઈ.

૭ ઑક્ટોબર ૨૦૦૧ના રોજ કેશુભાઈને સ્થાને નરેન્દ્ર મોદીને મૂકવામાં આવ્યા અને ભાજપ માટે મોદીયુગ જ નહીં, સોનાનો સૂરજ ઊગ્યો. ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીઓ મોદીના નેતૃત્વમાં લડાઈ પણ વિધાનસભામાં બેઠકો ઘટતી રહી. એ અનુક્રમે ૧૨૭, ૧૧૭ અને ૧૧૫ થઈ. મે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડા પ્રધાનપદના ઉમેદવાર બન્યા એટલે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો ભાજપને મળી. મોદીના અનુગામી તરીકે આનંદીબહેન પટેલ આવ્યાં તો ખરાં, પણ પટેલ અનામત આંદોલને જ એમનો ભોગ લીધો. રાજ્યની ૩૩ જિલ્લા પંચાયતોમાંથી ૨૬ પર કૉંગ્રેસનો વિજયડંકો વાગ્યો અને પાટીદાર અજંપો ખાળવા માટે નીતિન પટેલના ફટાકડા ફૂટી ગયા પછી વિજય રૂપાણીનું નામ મુખ્ય પ્રધાન તરીકે જાહેર થયું. મુખ્ય પ્રધાન પદના આકાંક્ષી અમિત શાહનું રાજ્યસભે જવાનું થયું એટલે ડિસેમ્બર ૨૦૧૭ની ચૂંટણી પછી રૂપાણીનું નામ ભલે ચાલતું રહે, કેન્દ્રના રાજ્યપ્રધાન મનસુખ માંડવિયા પટેલ હોવાને કારણે સંભવિત ઉમેદવારોની સ્પર્ધામાં ખરા. એમ તો કૉંગ્રેસના શક્તિસિંહ ગોહિલની સાથે જ સૌરાષ્ટ્રના પાટીદાર યુવા નેતા પરેશ ધાનાણીનું નામ પણ મુખ્ય પ્રધાનપદની ચર્ચામાં ખરું. શંકરસિંહ તો પોતાને કાયમી મૂરતિયા લેખાવતા રહ્યા છે.

ગુજરાતમાં યેન કેન પ્રકારણે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને વિજયી બનાવીને વર્ષ ૨૦૧૭ની લોકસભાની ચૂંટણીમાં પણ નરેન્દ્ર દામોદરદાસ મોદીએ ડંકો વગાડવાનો છે. 'ચાવાળા' (મણિશંકર ઐયરે આપેલું વિશેષણ) મોદીની વડા પ્રધાન પદ સુધીની મજલ વિશે અનેક જીવનકથાઓ પ્રકાશિત થઈ ચૂકી છે. હવે બોલિવૂડના સૌથી વધુ સફળ ગણાયેલા નિર્માતા-નિર્દેશકોમાંના એક એવા સંજય લીલા ભણસાળી નરેન્દ્ર મોદી પર ફિલ્મ બનાવી રહ્યાના વાવડ છે.દરમિયાન "હમેં હક ચાહીએ હક સે" નામક પાટીદાર આંદોલન અને હાર્દિક પરની ફિલ્મનું ૩ નવેમ્બરે જ સુરતમાં લૉન્ચિંગ થયું.

અત્યાર લગી મુખ્યત્વે ઐતિહાસિક ફિલ્મો બનાવનાર ભણસાળી નામક ગુજરાતી હસ્તીના મીડાસ ટચથી હવે વડનગર-તારંગાની અત્યારે બંધ કરાયેલી રેલવેના વડનગર સ્ટેશન સહિતના વતન નગરનાં દશ્યોને કચકડે મઢીને 'બાહુબલિ' જેવી 'બાહુબલિ મોદી' વિશેની ફિલ્મ બનાવાઈ રહી હોવાની રેલવેતંત્રમાં ચર્ચા છે. આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે એ દેશભરમાં અને વિદેશોમાં રિલીઝ થઈ જાય એવી ગણતરી મૂકાઈ રહી છે. એ મૅગા-ફિલ્મનાં રેલવેની ગાડીનાં દશ્યો અન્યત્ર શૂટ થઈ રહ્યાં છે, પણ મહેસાણાથી તારંગા વાયા વડનગર અને ખેરાળુનાં સ્ટેશનોનાં દશ્યો ઝડપવા સહિતની કામગીરી ચાલી રહી છે. રેલવે તંત્રને એ માટે સૂચનાઓ પણ અપાઈ ચૂકી છે. જોકે, આ બધું ફોન વ્યવહાર પર ચાલતું લાગે છે. મહેસાણાથી તારંગાની મીટરગેજ રેલવેનું બ્રૉડગેજમાં રૂપાંતરણ થઈને એને અંબાજી સાથે જોડવાની બ્રિટિશ યુગની યોજના અને સ્થાનિક અગ્રણીઓ પ્રિ. પોપટલાલ બ્રહ્મભટ્ટ જેવાઓની વારંવારની રજૂઆતોને મોદીયુગમાં કાન દેવાયા હોય એવું અવશ્ય લાગે છે. અગાઉ મુખ્ય પ્રધાન તરીકે નરેન્દ્ર મોદી હતા ત્યારે એમના જેવી લાગતી વ્યક્તિને ફિલ્મે ચમકાવાઈ હતી, પણ મૅગા-પ્રકલ્પોનું વિચારનાર નરેન્દ્ર મોદી પરની આગામી જે ફિલ્મ સંજય લીલા ભણશાલી બનાવી રહ્યા છે એ જોધા-અકબર, બાજીરાવ મસ્તાની અને પદ્માવતીની શ્રેણીમાં ગાજવીજ કરે એવી આ ફિલ્મ હશે એવું મનાય છે. મોદીયુગીન ભાજપ 'કિલર્સ ઈન્સ્ટિંગ'થી કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારો કબજે કરવામાં માને છે. નીતિમૂલ્યો અને આદર્શોની વાતોનાં વડાંથી સત્તાપ્રાપ્તિ થતી નથી, એ વાત મોદીસેનાને બરાબર સમજાઈ ચૂકી છે. વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી અને વડા પ્રધાન મોદી વચ્ચેના ફરકને ભાજપની પ્રજા સમજી ચૂકી છે. ભાજપમાં જોડાઈને સત્તા સાથે સંવનન કરવા આતુર રીઢા કૉંગ્રેસીઓને પોતાની સેનામાં જોડવામાં હવે કોઈ છોછ રહ્યો નથી. રાવણ અને વિભિષણનાં ઉદાહરણો આગળ કરાય છે. રાજકારણમાં કોઈ મંજીરા વગાડવા આવતું નથી એટલે સાથે આવ્યા એમને સાચવી લ્યો અને સામેવાળાઓને પૂરા કરો, એ મંત્ર સાથે ચાણક્યમાંથી ચંદ્રગુપ્ત બનેલા નરેન્દ્ર મોદી આગેકૂચ કરી રહ્યા છે. કૉંગ્રેસના ગઢના કાંગરા ખેરવવાની બાબતમાં એ લગભગ સફળ રહ્યા છે અને હવે બાકી રહેલા કૉંગ્રેસીગઢ કબજે કરવા ઉપરાંત કમ્યૂનિસ્ટોના ગઢના કાંગરા ખેરવવા ભણી ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.સામ, દામ, દંડ અને ભેદની નીતિરીતિમાં એમને ગાંધીજીની સાધનશુદ્ધિ નડતી નથી. પ્રેમ અને યુદ્ધમાં બધું જ વાજબી ગણાય છે એ ન્યાયે ભાજપની સેનાને લઈને સમગ્ર સંઘ પરિવારને કામે જોતરીને એ આગેકૂચ કરી રહ્યા છે.

હિમાચલ પ્રદેશમાં કૉંગ્રેસી મુખ્ય પ્રધાન અને રાજવી પરિવારના વીરભદ્રસિંહને અનેક ખટલાઓ, સીબીઆઈ તથા ઍન્ફોર્સમૅન્ટ ડિરેક્ટરેટની તપાસોમાં અટવાઈ જાય એટલી હદે પરેશાન કરી મૂક્યા છતાં વીરભદ્ર હાર માને એવા નથી. કૉંગ્રેસે એમને ફરી મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર જાહેર કર્યા છે. બીજાં રાજ્યોમાં ચૂંટણી પૂર્વે જ કૉંગ્રેસના ધારાસભ્યો અને નેતાઓને ભાજપ સાથે જોડવાના વ્યૂહ રચીને સત્તારૂઢ થવાની મોદી-અમિત શાહની વ્યૂહરચના સફળતા મેળવતી ગઈ હતી. હિમાચલમાં સાંસદ શાંતાકુમારને મુખ્ય પ્રધાનપદેથી હટાવીને એ વખતના રાષ્ટ્રીય મહામંત્રી (સંગઠન) મોદીએ પ્રેમકુમાર ધૂમલને મુકાવ્યા હતા. ધૂમલના પુત્ર અનુરાગ ઠાકુર અત્યારે ભાજપના સાંસદ છે. અનુરાગ બીસીસીઆઈના અધ્યક્ષપદેથી સર્વોચ્ચ અદાલતના નિર્દેશોને પગલે દૂર થયા હતા. ધૂમલ ફરી મુખ્ય પ્રધાન બને એવી મોદીની ઈચ્છા સામે પક્ષમાં એક જૂથ બળવો કરવાની સ્થિતિમાં છે, છતાં હિમાચલ પ્રદેશ ભાજપ કબજે કરે એવું લાગે છે. સાથે જ ગુજરાતમાં ભાજપ માટે જીતવું અનિવાર્ય છે. વિધાનસભા ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલા અને શરદ પવાર-નિષ્ઠ પ્રફુલ્લ પટેલ ભાજપની બી-ટીમ તરીકે કામ કરી રહ્યા છે. આંદોલન ત્રિપુટીએ સત્તારૂઢ પક્ષની નીંદર ઊડાડી છે. જોકે, સોશિયલ મીડિયામાં ચલાવાતા ગપગોળા કયા પક્ષને કેટલું નુકસાન કે લાભ પહોંચાડી શકે એના પર બધો મદાર છે. આમ છતાં ઘટતી બેઠકો સાથે પણ ભાજપ સરકાર બનાવે એવા સંજોગો જરૂર વર્તાય છે.

ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અનામત પ્રથાને કાયમ રાખવાની પક્ષધર નથી. અનામત પ્રથાના લાભાલાભની સમીક્ષાની વાત કરે છે. સંઘની પ્રતિનિધિ સભા અનામત પ્રથાને કાખઘોડી ગણાવે છે. છેલ્લે બિહાર વિધાનસભાની ચૂંટણી ટાણે સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતે પોતાના વક્તવ્યમાં ઉપરોક્ત ભૂમિકા રજૂ કરી અને ભાજપ બિહારમાં પરાજિત થઈ ગયો હતો. એ પછી તો વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'હું જીવું છું ત્યાં લગી અનામત પ્રથાને કોઈ દૂર નહીં કરી શકે' એવાં વચન આપતા રહેવું પડ્યું છે. એમની સરકારના સમાજ કલ્યાણ રાજ્યપ્રધાન રામદાસ આઠવલે તો છાસવારે કહેતા ફરે છે કે સુપ્રીમ કોર્ટે ભલે અનામતની ટકાવારીને ૫૦ ટકાથી વધુ નહીં કરવાનો ચુકાદો આપ્યો હોય, અમે તો એને બંધારણ સુધારો કરીને ૭૫ ટકા સુધી લઈ જઈને સવર્ણોના આર્થિક રીતે પછાતોને પણ અનામતનો લાભ આપીશું. રાજનેતાઓનાં ઠાલાં વચન જેવું આ વચન છેલ્લાં બે-ત્રણ વર્ષથી આઠવલે આપતા ફરે છે, પણ ગુજરાતના ઉજળિયાત પછાતોને એ લાભ મળે એવું કરતા નથી. ઊલટાનું પાટીદારોની અનામત માટે આગ્રહી માગણીમાં મુખ્ય પ્રધાન આનંદીબહેને ખુરશી ગુમાવવી પડી હતી. અન્ય રાજ્યોમાં સ્થિતિ ઊલટી છે. નવાઈ એ વાતની છે કે પાડોશી રાજ્ય રાજસ્થાનમાં ભાજપની જ સરકાર છે. મુખ્ય પ્રધાન વસુંધરા રાજાએ હજુ વીતેલા સપ્તાહમાં જ ગુર્જરો સહિતની પાંચ જ્ઞાતિઓને ઓબીસી અનામતનો લાભ મળે એ માટે અન્ય પછાત વર્ગો (ઓબીસી)ની અનામત ટકાવારી ૨૧ ટકાથી વધારીને ૨૬ ટકા કરતું વિધેયક વિધાનસભામાં પસાર કર્યું. આને કારણે અનામતની કુલ ટકાવારી ૫૦ ટકાથી વધી જાય છે. વણજારા, લુહાર, ગુર્જર, રબારી અને ગડરિયા સમાજને રાજી કરવા માટે આ પગલું લેવાયું છે. ગુજરાતના પાટીદારો પણ આવી જ વ્યવસ્થા ગુજરાતમાં ઝંખે છે, છતાં સાડા ત્રણ વર્ષથી ગાંધીનગર એ કરવા તૈયાર નથી.

ગુજરાતમાં કુલ અનામતની ટકાવારી ૪૯ ટકા છે. ૭ ટકા દલિત માટે, ૧૫ ટકા આદિવાસી માટે અને ૨૭ ટકા ઓબીસી માટે. હાર્દિક પટેલના વડપણવાળી પાટીદાર અનામત આંદોલન સમિતિ ('પાસ')ની નિર્ણાયક સમિતિની શનિવાર, ૨૮ ઑક્ટોબરે મળેલી બેઠકમાં ફરીને સુરતમાં અમિત શાહવાળી કરવાની (એટલે કે સભા ખોરવવાની) કૉંગ્રેસને ધમકી આપી છે. કૉંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધી ૩ નવેમ્બરે સુરતમાં સભા સંબોધે એ પહેલાં પાટીદારોને ઓબીસી અનામત કઈ રીતે આપશો એ કૉંગ્રેસ જણાવે. એના ઉત્તરમાં કૉંગ્રેસ તરફથી ટ્વિટ કરાયું હતું કે 'કૉંગ્રેસ ગુજરાતમાં સરકાર રચતાંની સાથે જ અત્યારની ૪૯ ટકા અનામત (૭ ટકા અનુસૂચિત જાતિ + ૧૫ ટકા અનુસૂચિત જનજાતિ + ૨૭ ટકા ઓબીસી)ને અસર ના થાય તેવું ૨૦ ટકા બિનઅનામત વર્ગ માટે અનામતનું વિધેયક લાવશે.' રાહુલની દક્ષિણ ગુજરાતની મુલાકાતને સારો પ્રતિસાદ સુરતના વરાછા રોડ વિસ્તાર સહિતના પ્રદેશમાં મળ્યો.સાથે જ દલિત આંદોલનના યુવા અગ્રણી જીજ્ઞેશ મેવાણી સાથે પણ રાહુલની મુલાકાત સકારાત્મક રહી.પટેલ અગ્રણી હાર્દિક સાથે અંતિમ ગોઠવણ આ લખાય છે ત્યાં લગી જાહેર થઈ નહીં હોવા છતાં "ભાજપને પાડી દ્યો"નો સંદેશ હાર્દિક તરફથી સ્પષ્ટ છે.ફરીને સુરતના વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે ચર્ચા કરીને તેમની સમસ્યા સમજવા કૉંગ્રેસના ઉપાધ્યક્ષ સુરત આવશે.એ પછી ઉત્તર ગુજરાતમાં તેમના ઝંઝાવાતી પ્રવાસનું આયોજન થયું છે.

- haridesai@gmail.com